

# ''જલારામબાપાના પરચા''

૧૯૭૧ ની સાલની વાત.

મુંબઇમાં રોટલો મળે, પણ ઓટલો ન મળે.

ગુરૂવાર સાંજનો સમય. લગભગ સાંજના ૬ઃ૦૦ વાગતાનો.

લોજમાં જમતાં, જમતાં એક પટેલ મિત્રએ વાત ઉચ્ચારી! મારે રૂમ વેચવી છે અને પરામાં મોટી રૂમ અથવા ફ્લેટ લેવો છે. પૂછયું - કયાં છે? કઇ સાઇઝની છે? શું પાઘડી છે? અને ભાડું કેટલું? જવાબ મળ્યો - ગુલાબવાડી - ૧૦' X ૧૦' - સાડા આઠ હજાર અને મહિને રૂા. ૨૦. મનમાં વિચાર આવ્યો! પાઘડી સિવાય બાકીનું બધું તો હાલ પુરતું ચલાવી શકાય! કારણ, બંન્ને બાળકો નાના હતા.

બીજા ગુરૂવારે એક ઠક્કર મિત્રે સાંજે લોજમાં જમતાં જણાવ્યું કે આજે ગુરૂવાર છે, બાજુમાં ફૂલગલી છે તેમાં ત્રીજે માળે એક લોહાણા પરિવાર વર્ષોથી સાંજના સાત વાગે બાપાની આરતી કરે છે. ઘણા બધા ભાઇ બહેનો આવે છે અને આરતીનો લાભ લે છે. હું પણ જાઉં છું, તારે આરતીમાં આવવું છે? વિચાર આવ્યો! જમ્યા પછી ઓફીસે જઇને સૂઇ જવાનું છે તેના કરતાં આરતીમાં જઇ બાપાને વિનંતી કરીએ કે ''જો આ રૂમ મને અપાવો તો દર ગુરૂવારે દર્શન અને આરતીનો લાભ જરૂર લઇશું.''

આરતીનો લાભ લીધો. બાપા રાજી રાજી દેખાયા. હૈયું પણ ભાવ-વિભોર થયું. આંખે આંસુડા સાથે વિનંતી કરી. ''સાડા આઠ હજાર રૂપીયા, ગમે ત્યાંથી મેળવી આપો. વ્યાજ ભરવું પડશે તો ભરીશ. પણ ફક્ત ત્રણ ગુરૂવાર સુધીમાં જ. નહીતર જય જલારામ.''

એક બે દિવસ પસાર થયા. મારા સાહેબે કહ્યું - તમે તમારા ફેમીલીને તેડાવી લાવો. કયાં સુધી લોજમાં જમશો? મનોમન બાપા યાદ આવ્યા. મન મક્કમ કરી ઉત્તર આપ્યો. રૂા. ૨૫૦ પગાર અને રૂમની પાઘડી રૂા. ૮૫૦૦, આટલી મોટી પાઘડી જેટલી રકમ કયાંથી લાવું? બચતમાં ફક્ત રૂા. ૩૦૦ થી ૫૦૦ જ હતા.

સાહેબ રાજી રાજી મૂડમાં હતા. કદાચ અરે! માનીલો કે બાપાએજ એમને પ્રેરણા આપી હશે. અને એમણે મને જણાવ્યું કે રૂા. ૫૦૦૦ ઓફીસમાંથી લોન તરીકે આપીશું. તમારે દર વર્ષે રૂા. ૧૦૦૦ પાછા આપવાના. અને વ્યાજ પણ તમારે ભરવાનું નથી. આખો દિવસ બાપાને સંભાળતા આનંદ પૂર્વક પસાર થયો. રાત્રે મનોમન બાપાને પ્રાર્થના કરી, ''હવે બીજા રૂા. ૩૫૦૦ ની વ્યવસ્થા કરી આપો.'' ઇશ્વરતત્ત્વ મદદ કરે છે પ્રત્યક્ષ, પણ પરોક્ષ રીતે. તે પછીના ગુરૂવારે લોજમાં જમતાં જમતાં પેલા પટેલ મિત્રને, ''રૂમ આપવાની જ છે ને?'' પુછી લીધું. જવાબ હકારાત્મક હતો. જણાવ્યું કે હાલ રૂા. ૫૦૦૦ આપું અને બાકીના હજાર હજાર કરીને ત્રણ ચાર માસમાં પુરા કરી દઉ. પણ તારે મને રૂમનો કબ્જો તુરત આપવો પડે. જવાબ નકારાત્મક હતો. એક હાથમાં પૂરા પૈસા, બીજા હાથમાં રૂમની ચાવી. અને ગુરૂવાર આવ્યો. પેલા ઠક્કર મિત્રને પૂછયું - ''આજે આપણે આરતીમાં જઇશું ને?'' જવાબ હતો ''મારે બીજા કામે બહાર જવું છે. નહી આવી શકાય.''

મારા કાનમાં પાકી તાલાવેલી હતી કે આજે બાપાને આરતી સમયે ''રૂા. ૫૦૦૦ ની વ્યવસ્થા તો કરી પણ રૂા. ૩૫૦૦ કયાંથી લાવવા?'' તેવી વિનંતી કરીશું. પણ મારા મનના વિચારો અકબંધ એમજ રહ્યા. દર્શન કરી ઓફીસમાં જઇ સૂઇ ગયો. અને શનિવાર આવ્યો. લોવર પરેલમાં એસ્ટેટમાં ભાડુ ઉઘરાવવા જવાનું થયું. ત્યાં એક ફેકટરીના સાહેબને મળવાનું થયું. ભાડાનો ચેક મળ્યો. તેમને આજે જરા શાંતિ હતી. મને કહ્યું બેસો. આપણે ચ્હા પીએ. ચ્હા આવે તે સમય દરમ્યાન થોડી પર્સનલ વાતો નીકળી. ત્યાં પણ બાપા યાદ આવ્યા. અને વાત વાતમાં ''રૂા. ૩૫૦૦ જોઇએ છે રૂમ લેવા માટે.'' તે વાત જણાવી દીધી. તેઓથી પણ મારી ઓફીસના સાહેબની ટર્મ અને કંડીશન પ્રમાણે રૂા. ૩૫૦૦ આપશે તેવી મંજૂરી મળી.

અને ત્રીજો ગુરૂવાર આવ્યો. લોજમાં જમીને બાપાની આરતીનો લાભ લેવા પહોંચ્યો. આરતી દરમ્યાન બાપાનો હૃદય પૂર્વક આભાર માન્યો. ફક્ત ત્રણજ ગુરૂવાર અને રૂા. ૮૫૦૦ પુરા, વગર વ્યાજે મળશે તેવી વ્યવસ્થા થઇ હતી તે વાત જણાવી દીધી.

તે પછીના ગુરૂવારે પટેલ મિત્રને ''ઘરનો કબ્જો કયારે આપો છો?'' તે સંબંધી વાત કરી. થોડા સમયમાં પૂરી રકમ ભેગી કરી લીધી. રૂમનો કબ્જો લેતાં કહ્યું, રૂા. ૮૦૦૦ રાખો. ભાકીના રૂા. ૫૦૦ માં ઘરે જઇને ફેમીલી મેમ્બરને લઇ આવું. અને બાપા તેના હૃદયમાં વસ્યા અને પુરા રૂા. ૮૦૦૦ ગણીને રૂમની ચાવી આપી દીધી. ઘરે જઇને ફેમીલીને લઇ આવ્યો. અને તે પછીનો એકેય ગુરૂવાર કેમ ભૂલાય. અમો ચારેય જણા આરતીમાં જતા હતા.

બાપા દયાળુ છે. બાપા કૃપાળુ છે. અને હાજરા હજુર છે. મારૂ કામ કર્યું તેવા સૌના કામ કરજો એજ સાષ્ટાંગ પ્રણામ સાથે હાર્દિક પ્રાર્થના.

સાર્થક થયું "જલારામ કરે સૌના કામ"

રજનીકાંત એસ. મોદીના જય જલારામ

---

સન ૧૯૯૦ની સાલમાં San Bernardino, CA ગામમાં ''Amy Ray'' નામની અમારી મોટેલ હતી. તે ગામમાં આપણા ઘણા બધા પટેલોની માટેલો પણ હતી. કોઇ અનિવાર્ય સંજોગાને લઇને ઘણા બઘા મોટેલોના માલિકોને તેમની મોટેલો બંધ કરવાની ફરજ પડી. તેમાનાં એક અમે પણ હતા. અમારી મોટેલ બંધ થવાથી અમારી બધી આવક બંધ થઇ ગઇ અને જે બચત હતી તે બઘી જ અમે મોટેલ રીપેર કરી તેનાં ખર્ચામાં વપરાઇ ગઇ. મોટેલ છ મહિના બંધ રહી અને જયારે ફરી ચાલુ કરવાની પરવાનગી માંગી ત્યારે પરવાનગી આપવામાં આવી નહી.

આજ અરસામાં અમારા ગામમાં રહેતા ગોપાલભાઇ કે જેમને કોઇની ચર્ચા કરવામાં રસ નહી તે અમારા ઘેર આવ્યા. તેઓ પોતાની સાથે પૂ. જલારામબાપાનો ફોટો લઇને આવ્યા હતા તે હાથમાં રાખી કહેવા લાગ્યા કે હું કહું તે પ્રમાણે તમે પૂ. જલારામબાપાના પાંચ ગુરૂવારના ઉપવાસ કરો અને તમારી મોટેલ જો વેચાઇ જાય તો તમે બાપાના દર્શન કરવા વીરપુર જરૂરથી જજો. એટલું કહીને તે ચાલ્યા ગયા.

અમે તેમના કહેવા પ્રમાણે ગુરૂવારના ઉપવાસ કરવાના ચાલુ કર્યા અને ત્યાંના Los Angeles Times માં અમારી બંધ પડેલ મોટેલ વેચવા માટે જાહેરાત આપી. બે થી ત્રણ ગુરૂવાર પસાર થઇ ગયા. થોડાક વ્યક્તિઓ મોટેલ જોવા માટે આવ્યા પરંતુ કોઇના તરફથી ઓફર કે જવાબ આવ્યો નહી. ચોથો ગુરૂવાર આવ્યો અને એક Philippine વ્યક્તિ તથા બે સ્ત્રીઓ મોટેલ જોવા માટે આવ્યા. તેઓએ મોટેલની બે થી ત્રણ રૂમો જોઇ ના જોઇ અને તરતજ કહ્યું કે અમે સોમવારે Cashier Check લઇને આવીશું. બે ત્રણ દિવસ પસાર થઇ ગયા અને સોમવારની વહેલી સવારે ૯:૦૦ વાગે તેઓ બધા Cashier Check લઇને આવી ગયા અને મોટેલનું વેચાણ નક્કી થયું.

અમે પૂ. બાપાનો આવો ''પરચો'' જોઇને ખરેખર અચરજ પામી ગયા અને તરત જ India જવા માટેની ટિકીટો કઢાવી વીરપુર પહોંચી ગયા પૂ. બાપાના દર્શન કરવા. અમારા પરિવારમાં સન ૧૯૯૦ની સાલથી શરૂ કરવામાં આવેલ ગુરૂવારના ઉપવાસ આજ દિવસ સુધી ચાલુ જ છે. પૂ. બાપાની અસીમ કૃપાથી આજે અમારો પરિવાર ખૂબ જ સુખી છે.

પૂ. જલારામબાપાના ચરણોમાં એજ પ્રાર્થના કે અમે જે પૂર્ણ શ્રધ્ધાથી અને વિશ્વાસથી બાપાને પ્રાર્થના કરી અને અમારી વિનંતીનો સ્વીકાર થયો તે જ રીતે સર્વે ભકતજનોની ઇચ્છા પૂર્ણ કરે.

ભૂપેન્દ્રભાઇ / અમીતાબેન પટેલના જય જલારામ

---

આ કૃપા પ્રસંગ પૂ. બાપાએ શ્રીફળમાંથી વીંટી શોધી આપી હતી તેવો જ માની શકાય.

નવરાત્રિના ગરબા સમયનો કૃપા પ્રસંગ છે.

દશેક વર્ષ પહેલાં સેવા આપી રહ્યો હતો લોહાણા એસોસીએશન પ્રમુખશ્રી તરીકે અને નવરાત્રિના ગરબાનો પ્રોગ્રામ પેલેટાઇન પાર્ક ડીસ્ટ્રીકટ હોલમાં પ્રથમ શનીવારે યોજાયો હતો.

ગરબાનો પ્રોગ્રામ પૂરો કરી આનંદોલ્લાસથી સૌ પોતાના ઘરે પહોંચી ગયા. શનીવારની રાત્રી પૂરી થઇ. રવિવારે સૌ પરિજનો પોતાનો થાક ઉતારી સોમવારે પોતપોતાની દૈનિક પ્રવૃત્તિએ લાગી ગયા. સોમવારની સમી સાંજે એક પરિજનની ફોનની ઘંટડી રણકી. ''મારી અડધા તોલાની વીટી શનીવારના ગરબાના પ્રોગ્રામમાં ખોવાઇ છે. તમોને મળી છે?''

મને એકદમ ધ્રાસકો પડયો. શનીવાર, રવિવાર અને સોમવાર પસાર થયા અને હાલ તમો મને વીટી ખોવાઇ છે તેવું જણાવો છો? હું વિચાર કરવા લાગ્યો કે હવે શોધવી કેવી રીતે! સામે પૂછયું, તમો પહેરીને તો લાવ્યા હતા ને? તમારા ઘરમાં તો કયાંય પડી નથી? તમારે ઘેર તમોએ કોઇ ચોક્કસ જગ્યાએ તો નથી મૂકી ને? છતાં હું પ્રયત્ન કરીશ એમ કહીને વાત પતાવી.

કમીટીના સભ્યોને ફોન કરી વીટી ખોવાયાની વાત કરી. બીજા ભાઇઓ તથા બહેનો જે ગરબાના કાર્યક્રમમાં મદદરૂપ થઇ રહ્યા હતા તેઓને પણ વાત કરી. સૌનો જવાબ એક સરખો નકારાત્મક હતો. વળી પાછા પેલા પરિજનને પૂછયું. તમારી વીટી મળી? તેઓ પણ નિરાશ થઇને જવાબ આપી રહ્યા હતા.

તે દરમ્યાન ગુરૂવાર આવ્યો. સવારમાં સેવા કરતાં પૂ. બાપાને મનોમન પ્રાર્થના કરી ''આપે તો આગળ ઉપર ખોવાયેલી વીટી શ્રીફળમાંથી કાઢી આપી હતી. તો આ વીટી પણ આપ ગમે તેમ કરીને શોધી આપો તો હું પાંચ ગુરૂવાર સુધી એક દીવો તે પરિજન જોડે કરાવીશ.'' અને બીજો ગુરૂવાર, શુક્રવાર અને શનીવાર આવ્યો. વળી પાછો ત્યાંજ ગરબાનો કાર્યક્રમ. સૌ સમયસર સ્થળ ઉપર પહોંચ્યા. હું પણ દાંડીયાના બોક્ષો લઇ સ્થળ ઉપર પહોંચ્યો. દાંડીયાના બધા બોક્ષો માતાજીના સ્થાપન પાસે મૂકયા. અને! અને!! અને!!! દાંડીયાના બોક્ષમાં મારી નજર પડી. પૂ. બાપાની કૃપા જણાઇ. વીટી ઉપરનાજ એક ખૂણામાં પડેલી દેખાઇ. મનોમન બાપા અને માતાજી હાજરા હજુર છે તેની ખાત્રી થઇ. પેલા પરિજનને ખાત્રી કરી વીટી આપી, દીવાની વાત કરી પણ પેલા પરિજન તો એ વાત ભૂલી જ ગયા. તે પછીના ગુરૂવારે બાપાએ સ્વપ્નમાં આવી દીવાની યાદ કરાવતાં મેં એ બાધા પૂરી કરી.

''પૂ. બાપાએ જેમ મારૂ કામ કર્યું તેમ સૌનું કરજો'' એજ હાર્દિક પ્રાર્થના સાથે.

રજનીકાંત મોદીના જય જલારામ

---

પૂ. જલારામબાપાની કૃપા અપરંપાર છે તે તો સૌ જાણે છે પણ એમની કૃપાનો વરસાદ અમારા પરિવાર ઉપર પણ વરસ્યો હતો તેની વિગત ટૂંકમાં લખુ છું.

તાજેતરમાંજ (લગભગ ૨ મહિના પહેલા) મારી દિકરી ચિં. શ્વેતાને ડીલીવરી આવવાની હતી તે સમયે પૂ. બાપાને પ્રાર્થના કરી કે બધુ નિર્વિઘ્ને અને સારી રીતે પતાવજો. બધુ બરાબર થયું. પૌત્રી રહીઆ (Rhea) નો જન્મ થયો અને સૌ કુટુંબીજનોના આનંદનો પાર ન રહ્યો. આમ ત્રણથી ચાર અઠવાડિયા પસાર થયા પરંતુ રહીઆની તબિયત નાજુક રહ્યા કરતી હતી. ડોકટરોને બતાવ્યું તો કહેવામાં આવ્યું કે સર્જરી કરવી પડશે. આ વાત સાંભળીને અમારો સમગ્ર પરિવાર ખૂબજ ચિંતીત થઇ ગયો. મેં પૂ. બાપાને ખૂબજ શ્રધ્ધા પૂર્વક પ્રાર્થના કરી અને માનતી માની કે બાપા મારી પૌત્રીને સર્જરી ના કરવી પડે અને સારૂ થઇ જાય તેવી કૃપા કરો.

ડોકટરોએ ફરીથી જરૂરી રીપોર્ટો કર્યા અને તપાસ કર્યા બાદ જણાવ્યું કે હવે રહીઆને સર્જરીની જરૂર નથી. પૂ. બાપાએ અમારી પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને અમારા પરિવાર ઉપર આવેલ આ અણધારી ચિંતામાંથી (સંકટમાંથી)અમને મુકત કર્યા.

પૂ. જલારામબાપાના ચરણોમાં એજ વિનંતી કે જે રીતે અમારી હૃદયપૂર્વક પ્રાર્થનનો સ્વીકાર કર્યો તેજ રીતે સૌની પ્રાર્થનાનો સ્વીકાર કરે.

સુધાબેન પટેલના જય જલારામ

---

અમારા કુટુંબ ઉપર જલારામબાપાની અસીમ કૃપા છે. મને જલારામબાપાએ ઘણા કામોમાં મદદ કરેલ છે તેમાંનો એક સ્વાનુભાવ આપને જણાવું છું.

અમે જયારે ૧૯૬૨ના અરસામાં માતર તાલુકાના રસિકપુરા ગામમાં રહેતા હતા તે સમયની આ વાત છે. અમારૂ ગામ આમ તો ખેડા જીલ્લામાં આવેલ માતર તાલુકાની સીમાએ આવેલ હતું પરંતુ એ સાબરમતી નદીના કાંઠે આવેલ ધોળકા તાલુકામાં વૌઠા નામના ગામથી ઘણું નજીક અને ધોળકા ગામથી ફકત ૬ માઇલ જ દુર હતું. આથી કરીને અમારો મોટાભાગનો વ્યવવહાર ધોળકા ગામ સાથે વધુ સંકળાયેલ.

એક વખત મારા બળદને ચક્રી વાયુ થયો હતો જેના કારણે લગભગ દરરોજ સાંજના ૫:૦૦ વાગ્યાના સમયે એ ગોળ ગોળ ફર્યા કરે. અમે અમારા બળદની સારવાર અને દવા કરાવવા માટે ધોળકામાં આવેલ એક ડૉકટરને બોલાવવા ગયા. સાંજના લગભગ ૬:૩૦ વાગ્યાનો સમય હશે. ડૉકટર દવાખાને હાજર નહોતા પરંતુ અમે તેમની રાહ જોતા હતા. સૂર્યાસ્ત થવાનો સમય થઇ ગયો હતો અને એવામાં ડૉકટર આવ્યા અને અમે તેમને અમારા બળદની બિમારી વિષે બધી જ રજૂઆત કરી. ડૉકટરે વાત સાંભળ્યા પછી અમને જણાવ્યું કે તમારૂ ગામ રસિકપુરા ખેડા જીલ્લાના માતર તાલુકામાં આવેલ હોવાથી તમારા બળદની સારવાર માટે માતરના જ ડૉકટરને બોલાવવા પડે. મારાથી આવી શકાય નહી.

મેં અમારા બળદની કિંમતી જીદંગી બચાવવા માટે જલારામબાપાને મનોમન યાદ કર્યા અને સાચા દિલથી પ્રાર્થના કરી અને કહ્યું કે ''બાપા, જો આ ડૉકટર મારા બળદની દવા કરવા માટે આવશે તો હું તમારા વીરપુરના મંદિરે રૂા. ૫.૦૦ નો મની-ઓર્ડર મોકલી આપીશ.'' *(ઘણા વાચકો વિચારશે કે બાપાને રૂા. ૫.૦૦ માં મનાવી લીધા પરંતુ ૧૯૬૨માં રૂા. ૫.૦૦ ની કિંમત રૂા. ૫૦૦.૦૦ જેટલી હતી અને એ પણ ધ્યાન રહે કે અહીં પૂર્ણ શ્રધ્ધાનું મહત્વ દર્શાવવામાં આવેલ છે.)* પૂ. જલારામબાપાએ જાણે ડૉકટરના મનમાં વસીને જેમ સંદેશો કીધો હોય તેમ ડૉકટર બોલ્યા કે હું બોરસદ ગામનો વતની છું એટલે ખેડા જીલ્લાનો જ રહેવાસી અને ડૉકટર કહેવાયો માટે હું તમારા બળદને તપાસવા આવું છું. આ અચાનક ડૉકટરનું મન બદલાવું એને અમારે શું સમજવું? બીજું કાંઇ નહી પરંતુ બાપાની અસીમ કૃપા. અમે ડૉકટરને જણાવ્યું કે અત્યારે ૮:૦૦ વાગ્યાની એસ. ટી. બસ છે તેમાં તમે આવો અને તેજ બસ રાત્રે ૯:૩૦ વાગે પાછી ધોળકા આવશે તો તેમાં પાછા પણ આવી શકશો. ડૉકટર અમારે ત્યાં આવ્યા અને બળદને તપાસીને દવા કરીને પાછા ગયા. અમારો બળદ ટુંક જ સમયમાં બિલકુલ સાજો થઇ ગયો.

અમારો આ અનુભવ (બાપાનો પરચો) એ બીજું કાંઇ નહી પરંતુ પૂ. જલારામબાપાના ચરણોમાં કરેલી સાચી પ્રાર્થનાનું જ ફળ છે. પૂ. બાપાના અને ભગવાન શ્રી રામના ચરણોમાં એજ પ્રાર્થના કે અમારી જેમ તમારી પણ પૂર્ણ શ્રધ્ધાથી કરેલ પ્રાર્થનાનો સ્વીકાર જરૂર કરશે.

દાસ (પરષોત્તમદાસ બી. પટેલ) તથા મધુબેન ના જય જલારામ

---

પૂ. શ્રી જલારામબાપા હાજરા હજુર છે. મારા પૂ. પિતાશ્રીને એક વખત પીઠ અને ખભાની વચ્ચે એકદમ દુ:ખાવો ઉપડયો. ઘણી જાતની દવાઓ કરવા છતાં પણ દુ:ખાવો મટયો નહી. બ્લડપ્રેશર પણ વધી ગયું હતું. પછી જીભની નીચે હાર્ટના દુ:ખાવાની દવા મુકી જેથી દુ:ખાવો તરત જ જતો રહ્યો. આ પછી તેમનો ઇલકટ્રો કાર્ડીયો ગ્રામ (ઇ.કે.જી.) પણ કરાવ્યો અને કાર્ડીયોલોજીસ્ટે જણાવ્યું કે એંજીયોગ્રામ કરવો પડશે કારણ કે ઇ.કે.જી. નો રીપોર્ટ નોર્મલ આવેલ નથી.

મેં મનોમન પૂ. શ્રી જલારામબાપાનું શરણું લીધું અને નકકી કર્યું કે જો મારા પિતાજીનો એંજીયોગ્રામનો રીપોર્ટ એકદમ નોર્મલ આવશે તો હું જરૂર પરચો છપાવીશ. પૂ. જલારામબાપાની કૃપાથી એંજીયોગ્રામનો રીપોર્ટ એકદમ નોર્મલ આવ્યો અને હાર્ટની અને બીજી બધી કોરોનરીસ (લોહીની નળીઓ) નોર્મલ છે તેવું રીપોર્ટમાં આવ્યું. કોઇપણ જાતની દવા કે સર્જરી કરવાની પણ જરૂર ના રહી.

મારા પિતાશ્રીએ પણ કહ્યું કે *''ખરેખર મારો એંજીયોગ્રામ પૂ. જલાબાપાએ જ કર્યો લાગે છે.''*

પૂ. જલાબાપા જેમ અમને ફળ્યા તેમ દરેકને ફળે તેવી બાપા અને પ્રભુ પાસે પ્રાર્થના.

*ચારૂ વીભાકરના જય જલારામ*

---

અમારો પુત્ર કોલેજના મિત્રો સાથે સ્પેઇન ફરવા ગયો હતો. ત્રણ-ચાર દિવસ પછી ઓચિંતાનું ગળામાં દુઃખ્યું અને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. એમ્બ્યુલન્સને બોલાવી અને તેઓએ ગળામાં શ્વાસોચ્છવાસ માટેની નળી (breathing tube) નાંખીને વેંટિલેટર પર રાખી હોસ્પીટલમાં લઇ જઇને આઇ.સી.યુ. માં દાખલ કર્યો. આ વાત જાણી એટલે હું અને મારા પતિ તુરંત ત્યાં (સ્પેઇન) પહોંચી ગયા.

મેં પૂ. શ્રી જલારામબાપાનો ફોટો તેના ખાટલા પાછળની દીવાલ ઉપર રાખીને પૂ. જલારામબાપાને તેનું રક્ષણ કરવા વિનંતી કરી. દસ દિવસ સુધી મારો પુત્ર વેંટિલેટર ઉપર હતો. બે અઠવાડિયા પછી ગળામાં ઓપરેશન કરવું પડયું અને ત્રીજા અઠવાડિયે ગુરૂવારના દિવસે તેને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી. મારા પતિ તેને લઇને શુક્રવારે શિકાગો પાછા આવી પહોંચ્યા. મારો પુત્ર બિમારી પહેલા હતો તેજ પ્રમાણે એકદમ શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત થઇ ગયો અને ભણવાનું પણ ચાલુ કરી દીધું.

અમારો દિકરો ખરેખર પૂ. જલારામબાપાની છત્રછાયા અને આશિષથી જ પરદેશમાંથી પાછો આવીને હરતો ફરતો થઇ ગયો છે.

પૂ. જલારામબાપાને કોટિ કોટિ વંદન. પૂ. શ્રી જલારામબાપા અમને ફળ્યા તેમ સર્વને ફળે તેવી પ્રાર્થના કરીએ છીએ.

ચારૂ અને કમલ વીભાકરના જય જલારામ

---

પૂ. જલારામબાપાની કૃપા અને આશિષ વર્ષા જેવી અમારા કુટુંબ પર વરસી તેવી જ સર્વે પર વરસે એવી આશા સાથે બાપાના પરચા વિશે ટૂંકમાં લખુ છું.

હાલમાં લગભગ એકાદ મહિના પહેલાનો જ આ પ્રસંગ છે. હાલની પરિસ્થિતિઓની અનુકુળતા મુજબ અમે અમારું ઘર વેચવાનું નક્કી કર્યું હતું. અમારું ઘર વેચવા મુકયાને આ બીજી સીઝન વિતવા આવી હતી. આ બે સીઝન દરમ્યાન ઘણાં લોકો ઘર જોવા આવતાં હતાં. દરેકને ઘર ખૂબ જ ગમી જતું પરંતુ ઘરને ખરીદવા માટે કોઇ આગળ આવતું નહોતું.

એક ગુરુવારની સાંજે પૂ. જલારામબાપાના મંદિરેથી ઘેર પાછા ફરતી વખતે અચાનક જ મારી નજર મંદિરમાં મુકેલા જલારામ દર્પણ પર પડી. એક દર્પણ મેં હાથમાં ઉઠાવ્યું અને દર્પણમાં પૂ. જલારામબાપાના પરચા પણ વાંચ્યા. પરચા વાંચતાની સાથે જ મનને કાંઇક જુદા જ પ્રકારની અનુભૂતિ થઇ. મેં મનોમન પૂ. બાપાના ચરણોમાં પ્રાર્થના કરી અને માનતા માની કે ‘‘આપે તો ભલભલાના કામ પાર પાડયા છે તો જો આપ અમારું ઘર વેચાવી આપો તો હું પાંચ ગુરુવાર કરીશ અને જલારામ દર્પણમાં મારી યથા શકિત સાથે આપનો પરચો છપાવીશ.’’

આ વાત પછી બે ગુરુવાર એમ જ વિતી ગયા. દર ગુરુવારે પૂ. બાપાના મંદિરે જઇને શ્રધ્ધા પૂર્વક દર્શન કરવા અને પ્રાર્થના કરવી એ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ત્રીજા ગુરુવારે તો જાણે **ચમત્કાર જ થયો.** સાંજે ૬:૩૦ વાગ્યના સુમારે ફોનની ઘંટડી વાગી. સામે છેડેથી એક સ્નેહીજને અમારું ઘર વેચાતું લેવાની વાત કરી. તેમની વાત સાંભળી અમે અચરજ પામ્યા. પરંતુ તેઓ ઘર ખરીદવા માટે ખૂબ જ તત્પર થયા અને ફકત બે કલાકમાં જ ઘરનો સોદો નક્કી થયો.

આમ આ સ્નેહીજનનું આગળ આવવું અને અમારા ઘરને ખરીદવા માટેની માંગણી કરવી તેવું અમે સ્વપ્ને પણ વિચાર્યું નહોતું. આ તો ફકત પૂ. બાપાની જ અસીમ કૃપા દ્વારા થઇ શકે.

જેમ પૂ. બાપાની કૃપા પ્રસાદી અમોને મળી તેમ આપ સર્વેને પૂ. બાપાની એવી જ કૃપા પ્રસાદી પ્રાપ્ત થાઓ તેવી જ અમારી અંતર પૂર્વક પૂ. બાપાને પ્રાર્થના.

બીનાબેન ગાંધીના જય જલારામ

---

પૂ. જલારામબાપાએ મારો સાક્ષાત પરચો પૂર્યો તેનો અહી સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરૂ છું. પૂ. બાપાને મેં મનોમન યાદ કર્યા અને બાપાએ આવીને મારો પરચો પૂર્યો. મારા પતિને ટી.બી. થયો હતો અને મેં માનતા રાખી અને બાપાને મનોમન શ્રધ્ધા પૂર્વક યાદ કર્યા અને વિનંતી કરી કે બાપા, મારા પતિને ટી.બી. મટી જાય અને કોઈપણ જાતની દવા પણ ન લેવી પડે તેવી કૃપા કરો. પૂ. જલારામબાપાએ મારી વિનંતી સાંભળી અને મારા પતિને જે બિમારી હતી તે દૂર કરી દીધી અને દવા પણ લેવી પડતી નથી.

પૂ. જલારામબાપા હાજરા હજુર છે. જેવી રીતે શ્રધ્ધા પૂર્વક કરેલી મારી પ્રાર્થનાનો બાપાએ સ્વીકાર કર્યો તેમ આપ સૌની પ્રાર્થના પણ સ્વીકારે તેવી બાપાના ચરણોમાં વિનંતી.

વિમળાબેનના જય જલારામ

---

૧) હું ૧૯૫૮માં ધોળકા હાઈસ્કુલમાં ભણતો હતો તે વખતે હું પોષ્ટ ઓફિસમાં પોષ્ટ કાર્ડ લેવા ગયેલો. એ વખતે મેં બાપાને વિનવીને કહ્યું કે મને પોષ્ટ માસ્તર તરીકે નોકરી અપાવી દો અને વાર્ષિક ૧૦૦ રૂપિયા પગાર અપાવજો. મેં ૧૯૫૯ની સાલમાં S.S.C. ની પરીક્ષા આપેલી અને ત્યારબાદ ૧૯૬૨ની સાલમાં અમારા ગામમાં પોષ્ટ ઓફિસ ખોલવામાં આવી તે વખતે અમારા ગામમાં હું એકલો S.S.C. પાસ હતો.

તે સમયે ગામના વડીલોએ ભેગા થઈને મને કહ્યું કે તમે પોષ્ટ માસ્તર તરીકે જોડાઈ જાવ. દર મહિને ૧૦ રૂપિયા પગાર મળશે. પૂ. બાપાએ મારા મનની ઈચ્છા પૂરી કરી અને મેં વાર્ષિક ૧૦૦ રૂપિયાના પગારની વિનંતી કરી હતી તેના કરતા પણ વિશેષ રકમ અપાવી અને મને પોષ્ટ માસ્તર બનાવી દીધો.

૨) ૧૯૯૧ની સાલમાં જયારે અમેરિકા આવ્યો અને નોકરી માટે પૂ. બાપાને પ્રાર્થના કરી કે હે બાપા, મને નોકરી અપાવી દો તો આપની ખૂબ જ મહેરબાની થશે. બાપાની દયાથી મને ટુંક જ સમયમાં શિકાગો ડાઉન-ટાઉનમાં નોકરી મળી ગઈ. થોડા સમયમાં જયારે શિકાગો નદી તૂટી જેથી મારી નોકરી છૂટી ગઈ. તે સમયે ફરીથી બાપાને યાદ કર્યા તો ફરીથી મને જોલીયેટમાં એક મોટેલમાં નોકરી અપાવી દીધી.

૩) મારા ધર્મ-પત્નિને જયારે અમેરિકા આવવાનું નક્કી થયું તે સમયે વીસા લેવામાં ઘણી તકલીફો પડી હતી. એ સમયે પૂ. જલારામબાપાને મનોમન પ્રાર્થના કરી અને કહ્યું કે બાપા, તમારી કૃપા કરો અને વીસા અપાવી દો. બાપાએ મારી પ્રાર્થના સ્વીકારી અને મારા ધર્મ-પત્નિને વીસા મળી ગયા.
આવા તો અનેક નાના-મોટા કામો પૂ. જલારામબાપાએ મારા જીવનમાં કર્યા છે તે આપ સૌને "જલારામ દર્પણ" ના માધ્યમથી જણાવતો રહીશ જેથી આપ સૌ ભકતોની શ્રધ્ધા પણ અમારા કુટુંબ જેવી મજબુત બને.

પરષોત્તમદાસ પટેલ ના જય જલારામ

---

પૂ. બાપા પર મને અખુટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાએ મારી દરેક મનોકામના પૂર્ણ કરી છે. દયાના સાગર પૂ. જલાબાપા હાજરા હજુર છે. મારા દિકરાને મકાન લેવાનું હતું. ઘણી કોશિશો કરવા છતાં સારૂ મકાન મળતુ ન હતું. આથી કરીને મારા પુત્રને જોઈતું મનપસંદ મકાન મળી જાય તે માટે મેં પૂ. જલાબાપાને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી પરચો છપાવવાની બાધા રાખી હતી. પૂ. જલાબાપાની અસીમ કૃપાથી થોડા જ સમયમાં મારા પુત્રને મનપસંદ મકાન મળી ગયું. મારૂ ડ્રાયવર લાયસન્સ રીન્યુ કરાવવાનું હતું પરંતુ ઘણા પ્રયાસ પછી પણ લાયસન્સ રીન્યુ થતુ નહોતુ. આ સમયે પણ મેં પૂ. જલાબાપાને અંતઃકરણ પૂર્વક યાદ કર્યા અને લાયસન્સ રીન્યુ કરાવવાના આગલે દિવસે એકા એક જ મારૂ લાયસન્સ રીન્યુ થઈ ગયું.
આમ મારી દરેક મનોકામના પૂ. બાપાએ પૂર્ણ કરી છે. બાપાને મારા કોટિ કોટિ વંદન.
જેમ બાપાએ મારી મનોકામના પૂર્ણ કરી તેમ આપ સૌની પણ કરે તેવી બાપાના ચરણોમાં પ્રાર્થના.

કુસુમ આર. ગાંધીના જય જલારામ